ચૂંટણીમાં અમિત શાહનું ચોકઠું દાવ કરી જાય તેવી પૂરી શકયતા

ભાજપમાં આંતરિક અસંતોષ : ભાજપ અધ્યક્ષ શાહ અને તાનાશાહોએ ગોઠવેલું ચોકઠું દાવ કરી જશે : રેશમા પટેલ

અમદાવાદ,તા. ૭

ગુજરાત લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસમાં જોરદાર રાજકીય વ્યૂહરચના અને

પ્લાનીંગ ગોઠવાઈ રહ્યા છે ત્યારે તેવા સમયે ભાજપની આખાબોલી અને સ્પષ્ટવકતા નેતા રેશમા પટેલના વધુ એક આક્રમક અને તેજાબી નિવેદનને પગલે ગુજરાત રાજકારણમાં ખાસ કરીને ભાજપની છાવણીમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. આજે રાજકોટની મુલાકાત દરમ્યાન ભાજપના નેતા રેશમા પટેલે જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં અમિત શાહનું ચોકઠું દાવ કરી જાય તેવી પૂરી શકયતા છે. ભાજપમાં આંતરિક અસંતોષ બધામાં છે પરંતુ જાહેરમાં આવવાની કે બોલવાની કોઈ હિંમત કરી શકતુ નથી. પરંતુ ચૂંટણી પહેલાં આ દરેક ચોકઠા કયાંય દાવ કરી જશે અને ગુજરાતની રાજનીતિમાં મોટો ભૂકંપ સર્જાશે તેવી દહેશત પણ રેશમા પટેલે વ્યકત કરી હતી. ભાજપ નેતા રેશમા પટેલ આજે રાજકોટની મુલાકાતે પહોંચ્યા હતા તે દરમ્યાન તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભાજપ પાર્ટી કૂટનીતિ જે અજમાવી રહી છે અને ચોકઠા ગોઠવ્યા છે તેમાં ક્યાંકને ક્યાંક તે દાવ મારી જશે તે હું દાવા સાથે કહું છું. ગુજરાત આંદોલનની ભૂમિ બની ચૂકી છે, તેમાં બધામાં અસંતોષ છે તેના કારણે આ દરેક ચોકઠા ગોઠવાયા છે અને તોડજોડ કરશે. અમિત શાહ અને તાનાશાહોએ ગોઠવેલું ચોકઠું ક્યાંકને ક્યાંક દાવ કરી જશે. ગુજરાતની રાજનીતિમાં મોટો ભૂકંપ સર્જશે તે હું દાવા સાથે કહું છું. રેશમા પટેલે વધુમાં જણાવ્યું હતું કે, જો પાસના કન્વીનર હાર્દિક પટેલ લોકસભા ચૂંટણી લડે તો મારૂ તેને સમર્થન છે. હાર્દિકે ચૂંટણી લડવી જોઈએ. હું પણ ભાજપ વિરૂદ્ધ પોરબંદરમાં ચૂંટણી લડવાની છું. હાલ જે રાજકીય ગરમાવો ચાલી રહ્યો છે તેના ચોકઠા અમિત શાહ બનાવે છે. દરમ્યાન ધોરાજી-ઉપલેટાના કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયા પણ ભાજપમાં જોડાવા છે તેવી એક ચર્ચા હતી પરંતુ તેમણે આ વાતને પાયાવિહોણી ગણાવી હતી. જો કે રેશમા પટેલના આજના નિવેદનને લઈ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. ભાજપની છાવણીમાં તેના જોરદાર ઘેરા પ્રત્યાઘાત જોવા મળ્યા હતા.

આજે મહેસૂલી કર્મચારીઓ માસ સીએલ પર

હિંમતનગર, તા. ૭

મહેસુલી કર્મચારીઓના વર્ષો જુના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા વર્ગ-૩ના તમામ કર્મચારીઓ હડતાલ પર જશે. ૮મી માર્ચના રોજ માસ સીએલ અને ૧૧મી માર્ચથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાનુ એલાન કરવામાં આવ્યુ છે.

ગુજરાત રાજય મહેસુલી કર્મચારી મહામંડળના ચેરમેન વિરમ દેસાઈએ જણાવ્યુ છે કે પાંચ વર્ષથી ઓછી નોકરી થતી હોય તેવા કર્મચારીઓ માસ સીએલ અને હડતાલ પર ઉતરે તો તેમની સામે સરકાર દ્વારા પગલાં લેવામાં આવે છે. હડતાલ પર ઉતરનારા આ તમામ કર્મચારીઓ સામે લેવાયેલા પગલાં પરત ખેંચ્યા બાદ જ અન્ય મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે તેવી રેવન્યુ સમિતિએ ખાતરી આપી છે. પાંચ વર્ષથી ઓછી નોકરીવાળા તમામ કર્મચારીઓને હડતાલમાં જોડાવવા જણાવાયુ છે.

અલ્પેશ ભાજપમાં સામેલ થાય તેવી અટકળો ફરીથી તીવ્ર બની

અલ્પેશ ઠાકોર સહિત કોંગ્રેસના ૫ સભ્ય ભાજપનો ખેસ પહેરે તેવી જોરશોરથી ચર્ચા

અમદાવાદ, તા.૭

કોંગ્રેસના યુવા ધારાસભ્ય અને ઠાકોર સમાજના આગેવાન નેતા અલ્પેશ ઠાકોર કોંગ્રેસ સાથેનો છેડો ફાડી ભાજપમાં જોડાય તેવી અટકળો ફરી તેજ બની છે. અલ્પેશ ઠાકોરને લઈ ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. અલ્પેશ ઠાકોર સહિત કોંગ્રેસના ૫ ધારાસભ્ય ભાજપનો ખેસ પહેરે તેવી જોરશોરથી ચર્ચા ચાલી રહી છે, જેને લઈ કોંગ્રેસની છાવણીમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. તો, અલ્પેશ ઠાકોરે આવતીકાલે પત્તા ખોલવાના સંકેત આપ્યો હતો. લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં કંઈક નવા જૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષે એકબીજાના માણસો તોડવાની અને પોતાની છાવણીમાં લાવવાની રાજકીય વ્યૂહરચના અને કૂટનીતિ પણ આંતરિક રીતે ચાલી રહી છે. જેમાં થોડા સમય પહેલાં જ કોંગ્રેસના ઉંઝાના ધારાસભ્ય આશાબહેન પટેલ કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાઈ ગયા હતા અને હવે ફરી એકવાર ભાજપ ગુજરાત કોંગ્રેસ પર રાજકારણની સર્જિકલ

સ્ટ્રાઈક કરે તેવી શક્યતા છે. સુત્રો મળતી માહિતી અનુસાર કોંગ્રેસના પાંચ ધારાસભ્યો ભાજપના મોવડી મંડળના સંપર્કમાં છે. કોંગ્રેસના પાંચ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ધવલસિંહ ઝાલા, ભરતસિંહ ઠાકોર, સોમાભાઈ પટેલ અને ગેનીબેન ઠાકોર હવે ભાજપનો ખેસ પહેરી લે તેવી ચર્ચા અને અટકળો તેજ બની છે. કોંગ્રેસના આ આ પાંચેય ધારાસભ્યો છેલ્લા ચાર મહિનાથી કોંગ્રેસથી નારાજ હતા અને તેમના મનામણા કરવા પણ ઘણા પ્રયત્નો થયા છે.

જો કે, કોઈ સંતોષકારક નિવારણ નહી આવતાં હવે તેઓ કોંગ્રેસને રામ રામ કરી દે તેવું ચર્ચાઈ રહ્યું છે. જો આ ધારાસભ્યો ભાજપમાં ભળે તો મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે અને નવા સંસદીય સચિવો પણ બનશે. જેમાં અલ્પેશ ઠાકોર અને સોમાભાઈ પટેલનો મંત્રીમંડળમાં સમાવેશ કરાય અને ધવલસિંહ અને ભરતસિંહને સંસદીય સચિવ બનાવાય તેવી ચર્ચા છે. જોકે ગેનીબેને શું પદ મળશે તેવી કોઈ ચર્ચા થઈ નથી. આ પાંચ ધારાસભ્યોમાંથી ચાર ધારાસભ્યો કોંગ્રેસ ઉપરાંત ઠાકોરસેનાના સભ્યો છે. અલ્પેશ ઠાકોર સેનાને લીડ કરી રહ્યા છે. જ્યારે ગેનીબેન, ધવલસિંહ અને ભરતસિંહ ઠાકોર સેનાની વિસ્તારની જવાબદારીમાં એક્ટિવ ભુમિકા ભજવી રહ્યા છે. ગેનીબેન અને ધવલસિંહ પહેલાં ઈશારો આપી ચૂક્યા છે કે અલ્પેશભાઈ જે રસ્તે જશે અમે ત્યાં જઈશું. આમ, હવે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતના રાજકારણમાં જોરદાર ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારિણીની મહત્વની બેઠક તા.૧૨મી માર્ચે અમદાવાદમાં યોજાવા જઈ રહી છે ત્યારે કોંગ્રેસની છાવણીમાં તેના મહત્વના માણસો ઘર છોડીને જઈ રહ્યા હોવાની ચર્ચાએ જોરદાર જોર પકડયું છે, જેને લઈ કોંગ્રેસની છાવણીમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે.

ગુજરાત સ્ટેનોગ્રાફર્સ એસો.ની ચુંટણીઓ જોગ

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજય સ્ટેનોગ્રાફર્સ એસોસિએશનના ગાંધીનગર એકમના હોદ્દેદારોની ચુંટણી તા. ૧૭મી માર્ચ ૨૦૧૯ના રોજ યોજાશે. આ બાબતે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે સચિવાલયના વિભાગો સિવાયના રાજય સરકારમાં કાર્યરત સમગ્ર રાજયના સ્ટેનોગ્રાફરો ગુજરાત સ્ટેનોગ્રાફર એસોસિએશન સાથે સંકળાયેલ છે જેઓ દરેક જિલ્લામાં તેમની સેવા આપી રહ્યા છે.

ધનસુરા તાલુકાની કરણપુર પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી

ધનસુરા તાલુકાની કરણપુર પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ હતી. જેમા બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ કાર્યક્રમમાં આઈ.એમ. પંચાલ, ના.કલેકટર, આર.એચ. દેસાઈ, મનીષભાઈ પટેલ (બી.આર.સી. ધનસુરા), અરવિંદભાઈ પટેલ (સી.આર.સી. કરણપુર), શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો તથા ગામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય તથા શાળાના સ્ટાફ ધ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

પાલનપુરમાં ઠાકોર સમાજના જવાનોનું સન્માન કરાયું

પાલનપુર ખાતે રવિવારે જીલ્લા ઠાકોર એકતા મંચ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઠાકોર સમાજના જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૨૦૦થી વધુ જવાનોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. બનાસકાંઠામાં ઠાકોર સમાજના આર્મી, પોલીસ તેમજ વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા જવાનોનો સન્માન સમારોહ રવિવારે પાલનપુર ખાતે જીલ્લા ઠાકોર એકતા મંચ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયો હતો. આયોજક અને ટ્રસ્ટના પ્રમુખ નીતિનભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, જિલ્લામાં ઠાકોર સમાજના યુવાનો અને બહેનો સમગ્ર દેશમાં ઠેર ઠેર આર્મી, પોલીસ જેવા વિવિધ વિભાગોમાં ફરજ બજાવે છે.

મોડાસાના કોલીખડ ગામ નજીક બાયડ મોડાસા બસના સ્ટેરીંગમાં ખામી સર્જાતા પલટી

ગુજરાત રાજય પરિવહન નિગમની અડધો-અડધ બસો યોગ્ય સમારકામના અભાવે ખખડધજ હાલતમાં ઉપયોગમાં લેવાતી હોવાનું મુસાફરો અનેકવાર ફરિયાદ કરી ચુક્યા છે અને અનેકવાર રસ્તામાં ખોટકાયી પડવાની અને અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતી હોય છે. 'બસની મુસાફરી સલામતીની સવારી'ના બદલે લોકો જીવના જોખમે પ્રવાસ ખેડાતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસા નજીક બાયડથી મોડાસા તરફ આવતી એસટી બસના સ્ટેરિંગમાં ખામી સર્જાતા બસ રોડ પર પલ્ટી જતા ડ્રાઈવર-કંડકટર સહીત ૬ જેટલા મુસાફરોના શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

બુધવારે બપોરે બાયડ-

મોડાસા એસટી બસ કોલીખડ ગામ નજીક રોડ પર દોડતી બસના સ્ટેરિંગમાં ખામી સર્જાતા રોડ પર પલટી જતા ભારે અફડાતફડી મચી હતી. બસચાલક સહીત કંડકટર અને ૪ મુસાફરોના શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સને જાણ કરતા એઈએમટી અભયસિંહ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક સારવાર આપી તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા.

તાલુકા દત્તક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોનીટરીંગ માટે શાળાઓની ફાળવણી પણ કરવામાં આવી છે. જેમાં એક કર્મયોગીને ભાગે સરેરાશ ૩ થી ૫ શાળા આવે છે.

ગુણવત્તાસભર શિક્ષણની સાથે સાથે શૈક્ષણિક સ્તરની સુધારણા, શાળાની શૈક્ષણિક બાબતો, ભૌતિક સુવિધાઓ, મિશન વિદ્યાનું અમલીકરણ, નિદાન કસોટી અંતર્ગત ચાલતા ઉપચારાત્મક અભ્યાસની વિગતો સહિતની ઘણી બધી બાબતોને સાંકળી અને એક ચેકલિસ્ટ પણ તૈયાર કરવામાં આવ્યુ છે. શાળાકક્ષાએ કેવા પ્રકારના ફેરફાર કરવા જરૂરી છે તેના વિશે પણ મોનીટરીંગ ટીમો સૂચનો મેળવશે તેમ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

દરમ્યાન આ મુદ્દે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિનો સંપર્ક કરતાં તેમણે દત્તક યોજના જિલ્લામાં અમલી બનાવવામાં આવી હોવાનો સ્વીકાર કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે શિક્ષણના સાર્વત્રીકરણની સાથે સાથે શૈક્ષણિક સ્તરમાં ગુણાત્મક સુધાર માટે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે તે દિશામાં આ એક વધુ કદમ છે.

અર્ચનાબેને જણાવ્યુ હતુ કે બાળકમાં શિક્ષણની ભૂખ જગાવવા ઉપરાંત તેનામાં આત્મવિશ્વાસ આવે તે માટેનો અભિગમ આ દત્તક યોજનાનો મૂળ આશય છે. બાળકને જ નહિ અમે સૌને સાથે રાખી આ દિશામાં આગળ વધવા માગીએ છીએ તેથી નિદાન કસોટીના રિપોર્ટ કાર્ડ થકી વાલીઓને પણ આ સુધારણા અભિયાનમાં સામેલ કરીશુ.

પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે વિદ્યાર્થીઓને શાંત મને પરીક્ષા આપી ઈશ્વર પર પુરી શ્રધ્ધા રાખવા જણાંવ્યુ હતુ. વિદ્યાર્થીઓને ચોકલેટ અને પુષ્પ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે ગાંધીનગરના પુર્વ મેયર પ્રવિણ પટેલ, કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયા, જિલ્લા શિક્ષણાધિકારી ભરત વઢેર શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામી, કૃષ્ણપ્રિયદાસ સ્વામી હરિ ઈન્ટરનેશનલ સ્કુલના ડાયરેકટર ઉમંગ વાછાની સહીત શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ધો-૧૦ માં ગુજરાતીનુ પ્રશ્નપત્ર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે. જયારે ભૌતિક વિજ્ઞાન વિષયનુ પેપર પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. જિલ્લામાં શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષાનો પ્રાંરભ થયો હતો. જયારે પરીક્ષાના પ્રારંભે એક પણ કોપી કેસ નોંધાયો નથી. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાની વોચ વચ્ચે વર્ગ-૧ અને ૨ ના ઓબર્ઝવરે સતત રાઉન્ડ લીધા હતા.

નિદાન કસોટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં બાળકની ક્ષમતા વિશેનો ઉલ્લેખ કરી અને ઉપચારાત્મક કાર્યશૈલી શિક્ષકો દ્વારા અપનાવવામાં આવે તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

૧૫-૧૬ માર્ચના રોજ યોજાનાર આ નવી નિદાન કસોટીના આયોજનની તૈયારીઓ પણ તંત્રને હાથ ધરવાની સૂચનાઓ આપી દેવામાં આવી હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રેનેડ હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે પણ વધારે એલર્ટ હોય છે ત્યારે વધારે ચકાસણી કરવામાં આવે છે. આ ગ્રેનેડ ચાઈનીઝ બનાવટનો હોવાનું જાણવા મળે છે. પહેલા પણ આ વિસ્તારમાં આતંકવાદીઓ હુમલા કરી ચુકયા છે. શરૂઆતી તપાસમાં જાણવા મળ્યું છે કે, આ બ્લાસ્ટનો હેતુ સાંપ્રદાયિક હિંસા ફેલાવવાનો હતો. જમ્મુમાં વહીવટીતંત્રએ શાંતિ જાળવવાની અપીલ કરી છે. ગયા વર્ષે ૨૯મી ડિસેમ્બરના દિવસે ત્રાસવાદીઓ બસ સ્ટેન્ડને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. તે વખતે ત્રાસવાદીઓ બસ સ્ટેન્ડ ઉપર ગ્રેનેડ ઝીંકીને ભાગી ગયા હતા. એ વખતે કોઈ નુકસાન થયું ન હતું. બસ સ્ટેન્ડની નજીક પોલીસ સ્ટેશન હોવા છતાં ત્રાસવાદીઓ વારંવાર હુમલામાં સફળ કેમ થઈ રહ્યા છે તેને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે. હિઝબુલ મુઝાહિદ્દીન સાથે આ ગ્રેનેડ બ્લાસ્ટમાં કનેક્શન નિકળતા પોલીસ સાવધાન થઈ ગઈ છે. ઉત્તરાખંડમાં હરિદ્વારના નિવાસી ૧૭ વર્ષીય શારીકનું મોત થયું છે.

અરજી ફગાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુલવામા આતંકવાદી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનોના મોત થયા હતા. પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે આ હુમલાની જવાબદારી લીધી હતી. હાલમાં જ સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબંધિત સમિતિએ જૈશના લીડર મસૂદ અઝહર ઉપર પ્રતિબંધ મુકવા માટેની નવેસરની વિનંતી કરી હતી. હાફીઝ સઈદની અરજીને ફગાવી દેતા પાકિસ્તાનને પણ મોટો ફટકો પડ્યો છે. ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબાના સહસ્થાપક હાફીઝ સઈદના સંદર્ભમાં ભારતે તમામ માહિતી પાકિસ્તાનને પુરી પાડી છે. ભારતે ખુબ જ ગુપ્ત માહિતી પણ તેની ગતિવિધિ અંગે પુરી પાડેલી છે. વૈશ્વિક આતંકવાદી સંગઠનમાં તેનું નામ પહેલાથી જ રહેલું છે.

જવાનો વધાર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેખા પર ખસેડી લીધા બાદ સ્થિતી વણસી જવાના સંકેત દેખાઈ રહ્યા છે. પાકિસ્તાન દ્વારા સરહદી વિસ્તારો અને અગ્રીણ ચોકીઓ પર મોર્ટારનો મારો ચલાવ્યો છે. પાકિસ્તાને નૌશેરા સેક્ટરમાં ૧૫૫ એમએમ ઓર્ટિલરી ગન્સ મારફતે ભારે ગોળીબાર કર્યો છે. જવાબમાં ભારતીય સેના દ્વારા પણ ગોળીબાર કરવામાં આવ્યો છે. સુત્રોના કહેવા મુજબ ભારત-પાકિસ્તાનના જવાનોએ હોટલાઈન પર વાતચીત પણ કરી છે. પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે.

સુપ્રીમનો ચુકાદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે ગઈકાલે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મામલાના સ્થાયી સમાધાન માટે કોર્ટ દ્વારા નિયુક્ત અને નિરીક્ષણ હેઠળ મધ્યસ્થીને લઈને ચુકાદો અનામત રાખ્યો હતો. અયોધ્યા જમીન વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો મધ્યસ્થી ઉપર અનામત રાખતા આને લઈને પણ સસ્પેન્સની સ્થિતિ અકબંધ રહી છે. સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે, રામજન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસ મધ્યસ્થી માટે રિફર કરવામાં આવી શકે છે કે કેમ તે અંગે વહેલીતકે ચુકાદો આપવા માટે ઈચ્છુક છે.

નવો સિક્કો

● અનુસંધાન પહેલાનું ચાલુ

'સત્યમેવ જયતે' અંકિત કરવામાં આવ્યું છે. જમણી બાજુએ હિંદીમાં ભારત લખવામાં આવ્યું છે અને ડાબી બાજુમાં અંગ્રેજીમાં ઈન્ડિયા લખ્યું છે. એની બીજી બાજુમાં મૂલ્ય ૨૦ લખવામાં આવ્યું છે. તે ઉપરાંત એની પર રૂપિયાનું પ્રતિક પણ દર્શાવવામાં આવ્યું છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે એ દર્શાવવા માટે અનાજની ડિઝાઈન આપવામાં આવી છે. એની નીચે હિંદી અને અંગ્રેજીમાં ૨૦ રૂપિયા લખવામાં આવ્યું છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેર નિવિદા નં. ૯ સને ૨૦૧૮-૧૯

કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ૨૦૧, જલભવન વિજાપુર બાયપાસ રોડ, હિંમતનગર - ફોન નં. ૯૯૭૮૪૦૬૫૯૬ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર આઈ.ડી. નં. ૩૫૫૭૧૪ થી ઈડર - વડાલી - ખેડબ્રહ્મા શહેરી સુધારણા યોજના હેઠળના ધરોઈ ડેમ પોન્ટુન તથા નવાનગર હેડવર્કસની ઈલેક્ટ્રો - મિકેનિકલ આઈટમ્સની પાંચ વર્ષની મરામત અને નિભાવણી કરવાના રૂ. ૪૨,૫૨,૦૦૮.૦૦ના કામોના અનુભવ ધરાવતા (ટેન્ડરમાં માગ્યા મુજબ) માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૨૨/૩/૨૦૧૯ ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને રજી.પો.એ.ડી.થી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા. ૨૯/૩/૨૦૧૯ છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈ પણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાની પીવાના પાણીની ફરીયાદો માટે ટોલ ફ્રી નં. ૧૯૧૬ છે.

માહિતી/હિંમત/૬૭૦/૧૯

આદિવાસીઓના વન અધિકાર દાવા અંગે આદિવાસી સમાજના હિતમાં રાજ્ય સરકારની રજૂઆતને અનુલક્ષી નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા તેમના અગાઉના હુકમને સ્થગિત રાખવાનો નિર્ણય

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ રાજયના અંતરિયાળ વિસ્તારમાં રહેતાં આદિવાસી સમાજને ન્યાય મળી રહે અને સાચા લાભાર્થી તેમના અધિકારોથી વંચિત ન રહે તે ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાના અનુસંધાને માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સુચનાથી નામદાર સુપ્રિમ કોર્ટમાં રીવ્યુ પીટીશન દાખલ કરતા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તેમના અગાઉના ચુકાદાને સ્થગિત રાખવા હુકમ કરેલ છે.

આદિવાસી સમાજ અંતરિયાળ વિસ્તારમાં રહેતાં હોઇ, કાયદાકીય પ્રક્રિયાથી અજાણ હોય કે અન્ય બીજા સામાન્ય કારણોસર વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળના સાચા લાભાર્થીઓ તેમના અધિકારથી વંચિત રહી ન જાય, તેનો રાજ્ય સરકારે ખાસ ખ્યાલ રાખીને, આ બાબતે કાર્યવાહી કરી છે. તેવા રાજ્ય સરકારના આ નિર્ણયથી આદિવાસી સમાજને ઘણો લાભ થશે.

આદિવાસી સમાજનાં વિકાસ માટે રાજ્ય સરકારે અનેકવિધ પગલાં લીધા છે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત